# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-09-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

****************************************************

1) ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના ચોમાસું સત્રનો આજથી પ્રારંભ.

2) રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ બેની 165 ખાલી જગ્યાઓ આગામી સમયમાં ભરાશે. – વિધાનસભા ગૃહમાં મંત્રી ઋષિકેશ પટેલનો જવાબ.

3) રાજ્યમાં વરસાદ ખેંચાતા ખેડૂતોને સિંચાઈ માટે આઠની જગ્યાએ હવે 10 કલાક વીજળી આપવા સરકારનો નિર્ણય.

4) રાજ્યમાં આગામી 12 તારીખથી ત્રણ દિવસ વરસાદની આગાહી.

5) **અમદાવાદમાં આયોજિત દિવ્યાંગો માટેની વિશ્વ તીરંદાજી સ્પર્ધાના છેલ્લા દિવસે ભારતે બે સુવર્ણ અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા.**

---------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT VIDHANSABHA KAMKAJ JHJ

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના ચોમાસા સત્રનો આજથી પ્રારંભ થયો. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાષ્ટ્રગીત વંદે માતરમ્-ના ગાનથી વિધાનસભા સત્ર શરૂ થયું. આજે તારાંકિત પ્રશ્નોતરી સાથે સત્રની શરૂઆત બાદ ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો રજૂ કરાયા. દરમિયાન પૂર્વ મંત્રી અને વડોદરાના ધારાસભ્ય સ્વર્ગીય યોગેશ પટેલ, પૂર્વ મંત્રી સ્વર્ગીય મોહનસિંહ રાઠવા, પૂર્વ મંત્રી સ્વર્ગીય લલિતકુમાર પટેલ તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વર્ગીય પોપટલાલ પટેલ અને સ્વર્ગીય સુનીલ ગામીતને શ્રદ્ધાંજલિ અપાઈ. ત્યારબાદ ગૃહની આજની કાર્યવાહી સમાપ્ત થઈ.

# SACHIVALAY VRUKSHAROPAN

"એક પેડ માઁ કે નામ" અંતર્ગત ગાંધીનગરમાં સચિવાલય પરિસરમાં વિધાનસભા સત્રના પહેલા દિવસે આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો સહિત તમામ 182 ધારાસભ્યોએ વૃક્ષારોપણ કર્યું.

# BHISHMA CUBE EXHIBITION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઇમરજન્સી મેડિકલ હોસ્પિટલ "ભીષ્મ ક્યૂબ આર-300"ના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન કર્યું. ભારત સરકારના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સેક્રેટરીએટના માર્ગદર્શન હેઠળની આરોગ્ય મૈત્રી પહેલ અંતર્ગત તૈયાર કરાયેલી આ ભીષ્મ ક્યૂબ આર-300 અત્યંત જટિલ કે આપાતકાલીન પરિસ્થિતિઓમાં થોડી જ મિનિટોમાં તહેનાત કરી શકાય તેવી હોસ્પિટલ છે, જે સ્થળ પર ટ્રોમા સારવાર, તાત્કાલિક શસ્ત્રક્રિયા, રોગ નિદાન અને અન્ય જીવનરક્ષક સુવિધાઓ પૂરી પાડે છે.

# JAMIN DAFTAR VARG 2 BHARATI

રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ બેની 165 ખાલી જગ્યાઓ આગામી સમયમાં ભરાશે. મહેસૂલ વિભાગ તરફથી વિધાનસભા ગૃહમાં જવાબ આપતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, સમગ્ર રાજ્યમાં જમીન દફતર નિરીક્ષક વર્ગ બે સંવર્ગની કુલ 326 જગ્યા મંજૂર થયેલી છે. તે પૈકી હાલ 161 જગ્યા ભરાઈ છે. બાકીની ખાલી જગ્યાઓ તાત્કાલિક અંગેની પ્રક્રિયા પૂર્ણ કરવાનું કામ હાલ ચાલી રહ્યું છે.

# SUB REGISTRAR VACANCY

રાજ્યમાં સબ-રજિસ્ટ્રાર વર્ગ એકની 149 અને વર્ગ બે-ની 254 જગ્યાઓ ભરેલી છે. બાકી જગ્યાઓ ભરવાની કામગીરી પ્રગતિમાં છે. મહેસૂલ વિભાગ તરફથી વિધાનસભા ગૃહમાં માહિતી આપતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્યમાં સબ રજિસ્ટ્રાર વર્ગ એકની કુલ 205 જગ્યા અને વર્ગ બે-ની કુલ 344 જગ્યા મંજૂર થયેલી છે.

# SAUNI YOJANA

રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્રમાં સૌની યોજના - સૌરાષ્ટ્ર નર્મદા સિંચાઈ યોજના થકી સાત કિલોમીટર સુધીના તળાવ ભરવાનો નિર્ણય કરાયો. વિધાનસભા ગૃહમાં આ માહિતી આપતા જળસંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે કહ્યું, અગાઉની ત્રણ કિલોમીટરની જગ્યાએ સાત કિલોમીટર વિસ્તારમાં આવતા તળાવ ભરવામાં આવશે. જ્યારે પાણી પહોંચાડવાના બાકી કામ પણ ઝડપથી પૂર્ણ કરાશે.

સભ્ય દ્વારા પૂછાયેલા પેટાપ્રશ્ન અંગે વધુ માહિતી આપતા શ્રી સિંહે કહ્યું, અમરેલીના રાજુલા તાલુકામાં સૌની યોજનાની પાઈપલાઈનના સ્કાવર વાલ્વથી સાત કિલોમીટર મર્યાદામાં આવેલા તળાવોને સૌની યોજના થકી જોડાણ આપવા સરવે માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આગામી ઑક્ટોબર સુધીમાં સરવી કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે.

# EXTRA TWO HOURS ENERGY

રાજ્યમાં વરસાદ ખેંચાતા ખેડૂતોને સિંચાઈ માટે બે કલાક વધારાની કૃષિ વીજળી આપવાનો સરકાર દ્વારા નિર્ણય કરાયો. ગાંધીનગરમાં આ માહિતી આપતા ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, ખેડૂતોને આઠની જગ્યાએ 10 કલાક વીજળી અપાશે.

## (BYTE: RUSHIKESH PATEL, ENERGY MINISTER)

*(જય વરસાદ ઓછો છે ને પીએફમાં વીજળીની જરૂર હોય, ત્યાં બે કલાક વધારાની વીજળી આપીએ એટલે આઠ કલાક, આપણે લગભગ આખા રાજ્યમાં સિંગલ શિફ્ટમાં, પરંતુ જ્યાં જરૂર પડે ત્યાં ડબલ શિફ્ટ કરીને 10 કલાક વીજળી પૂરી પાડવામાં આવે. જેમ જેમ માંગણી આવે એમ એમ આપણે 10 કલાક કરતા જઈએ છીએ.)*

# CM GANDHIDHAM INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યૂઅલ માધ્યમથી કચ્છની ગાંધીધામ મહાનગરપાલિકાના 286 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગાંધીધામને કચ્છનું આર્થિક પાટનગર અને મહત્વનું ઔદ્યોગિક કેન્દ્ર ગણાવતા કહ્યું, મહાનગરપાલિકા બન્યા બાદ ગાંધીધામના વિકાસને બમણી ગતિ મળી છે. તેમણે લોકોને સ્વચ્છતા અને ગુણવત્તાયુક્ત વિકાસને પ્રાથમિકતા આપવા પણ અપીલ કરી.

## (BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

*(કચ્છના ઇકોનોમિકલ કેપિટલ અને મહત્વના ઔદ્યોગિક કેન્દ્ર ગાંધીધામને મહાનગરપાલિકા બન્યા પછી ડબલ એન્જિન સરકારમાં ડબલ વિકાસ ગતિ મળી છે. 2025 માં મહાનગરપાલિકાની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં એટલે કે બે વર્ષથી પણ ઓછા સમયમાં રાજ્ય સરકારે 1590 કરોડ રૂપિયાના વિકાસ કામો આપ્યા છે.)*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# STATE TRAFFIC DRIVE

રાજ્ય પોલીસ દ્વારા રાજ્યવ્યાપી ટ્રાફિક ઝૂંબેશ હેઠળ ઑગસ્ટ મહિનામાં રૉન્ગ સાઈડ ડ્રાઈવિંગ એટલે કે, ખોટી દિશામાં વાહન ચલાવનારા અને ઑવરસ્પિડિંગ એટલે કે, નિર્ધારિત કરતા વધુ ગતિએ વાહન હંકારતા લોકો સામે 74 હજાર 242 કેસ નોંધાયા. તેમજ આવા વાહનચાલકો પાસેથી પાંચ કરોડ 33 લાખ રૂપિયાથી વધુનો દંડ વસૂલ કરાયો છે.

રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આગામી 14 ઑક્ટોબર સુધી નંબરપ્લેટ વગરના અને ચેડાં કરેલી કે અયોગ્ય નંબરપ્લેટવાળા વાહનો સામે કડક રાજ્યવ્યાપી ઝૂંબેશના આદેશ આપ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું

# GOVT DECISION FOR TRIBAL STUDENTS

અરવલ્લીની 29 આશ્રમશાળા અને અનુદાનિત છાત્રાલયો-માધ્યમિક શાળાઓમાં ન્યૂ ગુજરાત પેટર્ન હેઠળ બંકગેડ-ગાદલા, બેન્ચીઝ, વૉશિંગ મશીન, સૉલાર રૂફટૉપ અને આર.ઓ. પ્લાન્ટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. રાજ્ય સરકારે આ માટે એક કરોડ 50 લાખ રૂપિયા મંજૂર કરતાં અંદાજે ચાર હજાર 922 આદિજાતિ વિદ્યાર્થીઓને અત્યાધુનિક સુવિધાઓનો લાભ મળશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# PNC SHAHUKAR NOTICE

પંચમહાલમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા 174 શાહુકારને કડક નોટિસ અપાઈ. જિલ્લા રજિસ્ટ્રાર ડી. કે. ખેરના માર્ગદર્શન હેઠળ કરાયેલા સઘન તપાસ અભિયાન હેઠળ ઑનલાઈન પોર્ટલ પર સમયસર વિગત અપલોડ ન કરવા તથા હિસાબોનું ઑડિટ ન કરાવવા જેવી ગંભીર બેદરકારી કરનારા શાહુકારોને નોટિસ અપાઈ છે.

આ સાથે જ તેમને 15 દિવસમાં ખૂલાસો કરવા પણ આદેશ અપાયો છે અને જો સંતોષકારક ખૂલાસો નહીં મળે તો તેમનો પરવાનો કાયમી ધોરણે રદ કરવા સહિતની કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરાશે.

# ITRA JAMNAGAR MoU

જામનગરની I.T.R.A. - આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા અને હૈદરાબાદની હાર્ટફૂલનેસ શૈક્ષણિક સંસ્થા વચ્ચે આયુર્વેદ, સર્વગ્રાહી સ્વાસ્થ્ય સંભાળ અને પર્યાવરણીય ટકાઉપણું વધારવા સમજૂતી કરાર – MoU કરાયા. બંને સંસ્થા સંશોધન, શિક્ષણ, ક્ષમતાનિર્માણ, સંકલિતસુખાકારી અને પર્યાવરણીય ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રીત કરવા એકબીજાને સહયોગ આપશે. આ ભાગીદારીનો ઉદ્દેશ એકીકૃત અભિગમ દ્વારા નિવારક અને સર્વગ્રાહી સ્વાસ્થ્ય સંભાળને પ્રોત્સાહન આપવાનો છે.

# EVE WEATHER FORECAST

રાજ્યમાં વરસાદની ત્રણ પ્રણાલી સક્રિય હોવાથી આગામી 12થી 14 તારીખ વરસાદની આગાહી છે. બીજી તરફ, રાજ્યમાં સામાન્ય કરતા 19 ટકા ઓછો વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું. તો, માછીમારોને આજે દરિયામાં જતાં પહેલા સાવધાની રાખવાની સલાહ પણ અપાઈ છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

***(आज का जो पुरकास्ट है, 9 से लेकर 15 सितंबर तक, इसमें हल्का से मध्यम बरसात का संभावना रहेगा। 12, 13, 14 इसमें भारी बरसात का भी संभावना दिया गया है। 12 तारीख का जो हेवी रेनफॉल वार्निंग दिया गया है, इसमें जो डिस्टिक, वड़ोदरा, छोटा उदयपुर, नर्मदा, भरूच, सूरत, डांग, नवसारी, बलसाड़, तापी, दमन, और दादरा नगर हवेली के दिया गया है। 13 तारीख को अहमदाबाद, आनंद, पंचमहल और दाहोद, 4 डिस्टिक ऐड हो रहे हैं।)***

# WORLD PARA ARCHERY

અમદાવાદમાં આયોજિત દિવ્યાંગો માટેની વિશ્વ તીરંદાજી સ્પર્ધાના છેલ્લા દિવસે ભારતે બે સુવર્ણ અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા. વર્તમાન પેરાલિમ્પિક્સ વિજેતા હરવિંદર સિંહ અને વિશ્વના પહેલા ક્રમનાં ખેલાડી શીતલ દેવીએ આ સ્પર્ધાના ત્રીજા તબક્કામાં ભારતનું નેતૃત્વ કર્યું. શીતલ દેવીએ પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગતમાં અને બે પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદર સિંહે ભાવના સાથે મળીને પેરા રિકર્વ મિક્સ્ડ ટીમ શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યાં. તેમણે ચીનના લિયાંગ કિયુરોંગ અને શિયા લેઈને સીધા સેટમાં 6-શૂન્યથી હરાવ્યા.

ત્યારબાદ ભાવનાએ ઓલ-ઇન્ડિયન પેરા રિકર્વ મહિલા બ્રોન્ઝ-મેડલ પ્લે-ઓફમાં વધુ એક કાંસ્ય ચંદ્રક જીત્યો. સાંજના સત્રમાં શીતલ દેવીએ કઝાખસ્તાનના એઝાદા સીદાન સામે રોમાંચક કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત ફાઇનલમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું.

# CELEBRATION OF POSHAN MAAH

રાજયભરમાં પોષણ માસની ઉજવણીનો પ્રારંભ થયો છે રાજકોટમાં આજથી 8 ઓક્ટોબર સુધી પોષણ માહની ઉજવણી અંતર્ગત આંગણવાડીમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન,બાળકોને તાજું અને ગરમ રાંધેલું પૌષ્ટિક ભોજન પૂરું પાડવું, બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે યોગ્ય પોષણ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે પ્રોત્સાહન સહિતના વિષયો પર કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

નર્મદા જિલ્લામાં એક માસ દરમિયાન તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ થીમ આધારિત પોષણલક્ષી પ્રવૃત્તિઓ, જનજાગૃતિ કાર્યક્રમો તેમજ સરકારની વિવિધ પોષણલક્ષી યોજનાઓ અંગે લાભાર્થીઓને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે.જેમાં બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ, વાલીઓ તથા સમુદાયની ભાગીદારીથી સુપોષિત નર્મદાના સંકલ્પને સાકાર કરવા પ્રયાસ કરવામાં આવશે.